॥ શ્રી ૐ ॥

નેલના યોગી

મહાત્મા ગાંધીજીનો

—ઉદ્દેશ—

સુતરને તાંતણે સ્વરાજ્ય.



સર્વ હક્ક સ્વાધીન

રેંટીઓ



રેંટીઓ

છપાવી પ્રસીદ્ધ કરનાર

રાયચંદભાઈ હીરાચંદ શાહ મહેમદાવાદી,
તાસવાળા બીલ્ડીંગ સ્ટેશન સામે-સુરત

કીંમત રૂા. ૦-૧-૦

સુરત બરાનપુરી ભાગળ પર આવેલા શ્રી 'અંબિકા વિજય પ્રીન્ટીંગ પ્રેસમાં હરગોવનદાસ હરકીશનદાસે છાપ્યું.

જેલના યોગી મહાત્મા ગાંધીજીનો

ઉદ્દેશ—

સુતરને તાંતણે સ્વરાજ્ય.



મહાત્મા ગાંધીજીને ચરણે.

દુર્બળતા દેને તજી કંકણ કાયર કામ
શરાતન લેને સજી અમર થશે તુજ નામ
અમરતો તે થયા કે
જેણે પરને માટેજ જન્મ લીધો

હર હર સ્વદેશ.

રે સિંહ તણા સંતાન ગરજતા ગયા છોડીશું હીંદ
ડોલાવતા ડગમગ ડુંગર તે જુવે લુંટાતું હીંદ
કયાં દુર્ગાદાસ શૂરવીરએ
કયાં ગયા શીવાજી શૂરરે
જેણે અરીનાં અરે કાળજાં ભેદયાં છે હી દ ભી.ન
કયાં રમણુ યુદ્ધના યોદ્ધા
કયાં રામ રાજય અયોદયા

તે રામ રાજ્ય રસમય સૂત્રોનું બરો હૃદયમાં બીંબ
કયાં હોય ગુલામી આવી
કયાં દેશ દશા દૂર ભાવી
તે જોઇ હૃદયમાં જરી દયાના આવે શું દૂરદિન
પાષાણ હૃદય પીગળતાં
જોઈ કત્લ પંજાબે કરતાં
જલીયનવાલાં જાન શીકારી હણ્યું જુલ્મ આધીન
કયાં બીલ ફુતની ખાતર
થયા બંધન મૌલા બીરાદર
કે સાફી ગુલામી જીવે જગતમાં જાણો નમાલાદીન
રે કૃષ્ણ ગાંધીજી ગરવા
જે જુલ્મ અનીતિ હણવા
તે દીએ સુદર્શન ચક્ર રેંટીઓ ગાને પંજાબી લીન
દઇ તજી ગપાટા વાતો
સહુ ખાંતે રેંટીઓ કાંતો
બનો સાચા સ્વદેશી સુતર તાંતણે સ્વરાજ્ય છે આધીન
શું તોપ ગોળા ત્યાં કરશે
જયાં હરી સુદર્શન ફરશે
સાય હરીની સાથ કામમાં બનો ભકિતમાં લીન

મહા તાજ વગરના રાજા
મહાત્માજી જીવજો ઝાઝા
જે આજે ગુલામી દોર તોડવા જેલે વસે રણધીર
જેલ બંધનને પરીહરવા
કહે ગાંધી ખાદી વાપરવા
પછી થશે અજય તું સરસ સમયને સાધીને શૂરવીર
ડગમગ સત્તા ડગમગશે
જ્યાં આત્મબળ સંચરશે
ટળશે અરીને વરશે વિજયની માળ ગરજશે હીંદ

ગરબો.

આવો આવો અસહકારી બેનડી, માત ભારતીને
આંગણે સાહેલડી
ઉગે ભારતી પ્રભાત પ્રીય બેનડી, ઉષા સોહે
સ્વરાજ્યની સાહેલડી
દુઃખ દેખી નીજ માતનાં દ્રવે હૃદય પાષાણ
જુલ્મ અનિતિ ટાળવા બન્યા ગાંધી સરદાર
હીંદુ ઈસ્લામ શાંત સાથીઆરે
શોકત મહમદ યુધ્ધ ગોઠીઆરે
રણ આંગણે ઉભાં અમે બેનડી તજી તરવાર તીરને સાહેલડી
સજ્યાં શસ્ત્ર અમે શાંતીનાં બેનડી આત્મ બળને યોગે
ઓ સાહેલડી

ચક્ર સુદર્શન જ્યાં ફરે જ્યાં કૃષ્ણ ગાંધી સરદાર
સત્તા બળ ત્યાં શું કરે રદ્દ તોપ ગોળા તલવાર
સુતરને તાંતણે સ્વરાજય બેન આવશે
સહુ ખાદી પહેરો દીન દશા દૂર ભાગશે
જતાં જેલે જે દેશભક્ત બેનડી અર્પો વિજય સૂત્ર માળ
ઓ સાહેલડી.
તેનાં પંથે પળોને સહુ બેનડી કાંતો રેંટીઓ હા રેંટીઓ
સ્વરાજય કેમ મળશે ઓ સાહેલડી.

સ્વરાજયને માટે જેલ.

(રાગ આશક ખરગુચા જેવા.)

લઈશું લઇશું લઇશું, સ્વરાજ અમે તો લઇશું;
સ્વરાજને તો માટે, ભલે જેલમાં તો જઈશું—લઇશું૰
એ હક્ક હમારો લેવા, દુઃખો સિતમ સહીશું;
સ્વતંત્ર દેશ કરવા, જરા નહી ડરીશું—લઇશું૰
હિન્દ માતાને માટે, હિન્દુ ને મુસલમિન;
ભારત તણા સૌ પુત્રો, મરવાને તૈયાર થઈશું—લઇશું૰
ભલે સ્થાવર ને જંગમ, મીલકત ફનાએ કરજો;
પરવા નથી એ તેની, અડગ અમે તો રહીશું—લઇશું૰

આ તોપોને તલવાર, ચડાવો શૂળીને તો ખાર,
ફાંસી ભલે દો આજે, દેશ માટે અમે લડીશું—લઇશું૦
ગુલામો હોય જે જે, મસકા ખરે તે કરશે:
તમે હિન્દતણા છો નોકર, શેઠ નોકરથી શું ડરશે—લઇશું૦
બાંડુતી પીટી આજે, ઘર ધણી થયા છો આપ:
મજા હવે નહી રહેશે, એથી વધુ શું કહીશું—લઇશું૦
ગુલામીમાં શું રાખી, નિરમાલ્ય બતાવી દીધા;
અસહકારના મંત્રોથી, હમે બતાવી દઈશું લઇશું,
ગાંધી બાપુની પાછળ, પુનિત પગલે ચાલો:
મારામ કરીને પડજો, કે મનુ આધ મરીશું—લઇશું૦

(લાગી લગન મને એ રાહ.)

માગ્યે સ્વરાજ્ય નહિ મળશે હો જનુની જાયા માગ્યે
સ્વરાજ નહિ મળશે—ટેક.
નહિ જાગો તો જરૂર જુલ્મ કરશે હો જનુની જાયા
માગ્યે સ્વરાજ્ય નહિ.
મોટી મીંટીંગો ભરીશું કીધું, કાર્ય કર્યો વીણુ કહી
રૂળ દીધું
કર્મ કરે વો સહુ મળશે. હો જનુની જાયા

શેર.

રે ઝુંપડીમાં જાતરે કુરબાન ભૂખે થાય છે
રે લૂંટડી સમજાર નર ભીખ માગતા ભચકાય છે
મહેનત કરે એતણી પણ એકના પોષાય છે
રે રે દશાએ દેશની જોઇ હૃદય સળગી જાય છે

જો એ લુટારા લૂંટ કરશે, હો જનુની.
કૃષ્ણ ગાંધીની શીખ ઉર ધરજે.
ચક્ર રેંટીઓ સુદર્શન ફરશે

તો આશ અંતરની ફળશે.......હો જનુની જાયા
પંજાબના ઇન્સાફમાં કે હાય કતલો શું કરી
પેટે ચલાવી ચોટ ચાબુક મારતા જુલમી અરી
એ બંધુ ખાતર પ્રાણ પાથરજે
ચરખો ચલાવી ખાદી ઉર ધરજે.
તો જડમૂળ જુલમ સહુ ટળશે.............હો.........
બહુ બહુ કહ્યું બહુ સાંભળ્યું બસ હૃદયા આ સળગી રહ્યું
અન્યાયને જુલ્મો સૂણી આંખે જીગર રહ્યું બહુ

મહાત્મા ગાંધીજીનો ભેખ.

(લાગી લગન મને સારી......એ રાગ)

તે મને માયા લગાડી રે આશ્રમના જોગી...તે મને
સાબરમતીને તીરે આશ્રમ સ્થાપ્યો બાવા
ખાદી સર્વેને પહેરાવી રે......આશ્રમના જોગી
ધોળી ટોપીની જમાત મોટું છે બાવા
સ્વરાજ બંસી બજાવી રે......આશ્રમના જોગી
હિંદ આખામાં હાકલ [illegible] બજાવી
પ્રજાને ઘેલી બનાવી રે.....આશ્રમના જોગી
પ્રજાના સુખ માટે ભેખ લીધો છે બાવા
લંગોટી અંગે સોહાવી.....આશ્રમના જોગી
બ્રીટીશ સૈન્યને રહેંટીઆથી બાવા
રેંટીઓ ચક્ર ચલાવ્યા રે.....આશ્રમના જોગી
ગરીબને ધન્યવાન બનાવ્યાં બાવા
સાધન રેંટીઆ સોંપ્યા રે.....આશ્રમના જોગી
મંત્ર ખાદીનો બંસીમાં વાગે બાવા
રૈયતને ઘેલી બનાવીરે......આશ્રમના જોગી

હીંદ આખો તુજ નામ જપે છે બાવા
બારે ભભુતી ભભરાવીરે.......આશ્રમના જોગી
ખાદી નગર શુદ્ધ ખાદીનું બાંધ્યું બાવા
કોંગ્રેસ ત્યાતો ભરાવીરે........આશ્રમના જોગી
સંવત ઓગણીઇઠોતેર સારી બાવા
માગશર વદી દ્વાદશીરે........આશ્રમના જોગી
દેશો દેશની રૈયત આવી બાવા
આનંદ અંગ ના સમાઇરે.......આશ્રમના જોગી
દીન આઠ અંગ ઉમંગ ન માયે બાવા
પૃથ્વી આનંદે છવાઇરે.......આશ્રમના જોગી
હીંદુ ભાઇઓને વીનંતી કરૂં છું વાલા
ખાદી પહેરજો સુખ માનીરે........આશ્રમના જોગી
હીંદ માતા પરાધીન પડી છે ભાઇઓ
મુક્ત કરો રેંટીઓ ફીરાવીરે........આશ્રમના જોગી
હીંદુ મુસલમીન એકજ થાવો ભાઇઓ
સ્વરાજ લેવામાં જાશો ફાવીરે.......આશ્રમના જોગી
બેઉ કરજોડી અરજ કરૂં છું ગાંધી
પ્રભુ આશ પુરે તમારીરે........આશ્રમના જોગી

વિદેશી કાપડની હોળી.

બાળી નાખોરે ભાઇ બાળી નાખોરે,
તમે વિદેસી કપડાં બાળી નાખો:
જેને હાડ માંસની ખેરચડે,
તેને હિંદુ મુસલમાન કેમ અડે.
હવે દેસનું ગૌરવ કઇ રાખો,
તમો વિદેસી કપડાં બાળી નાખો:
હજારો ગાયો કપાયે છે, તેનું ગોસ વિદેસી ખાયે છે
અભીમાન હવે કઇ દેશ ધરો,
તમો વિદેસી કપડા બાળી નાખો.
કરોડો રૂપીઆ જાએ છે, વિદેસી મોજે મારે છે.
બની દેસી પરાધીનતાં તોડો,
તમે વિદેસી કપડાં બાળી નાખો:
દેશ તમારો દુઃખી છે, આર્ય મહિલાઓ ભુખી છે.
હવે સ્વતંત્રાને કઇ સીખો,
તમે વિદેસી કપડા બાળી નાખો:
વિદેશી કાપડ બાળેજે, પાપ તેનું પોવાએ છે.
તેથી સ્વરાજ્ય નજીક આવે છે,
તમે વિદેસી કપડાં બાળી નાખો:

—ફેસીનઆઈનો શાળઓ—

(રાગ મરસીઓ.)

હાય હાયરે બ્હેનો કહુ તે સાંભળો, એ ટેક
મજા માનો પોશાકમાં પરદેશી, થએ માલ વિદેશી કેરી,
આણ થશો હવે ખુબ દેશીરે. હાય હાયરે.
વિદેશી બંગડીઓ લાવી, દેશ આં .... આ ....,
ભુંડી ભુલ હવે શીદ ......રે, હાય હાયરે.
..પાટે ..પાટા દીધા, લાખ માગતા હિંદને દીધા.
દોરી લોટા તમે હાથ લીધારે. હાય હાયરે.
હોળી થ... ચોળીથી જાણી, ધર્મ ઉપર ...... પાણી,

શ્રી "...... વિજય" પ્રેસમાં
દરેક જાતનું છાપવાનું કામ રંગ
બેરંગી સાહીઓમાં જેવાં કે ચોપ-
ડીઓ, ચોપાનીઆં, તથા જોબીંગ
કામ સચીત્રો ફોટાઓનું સુંદર કામ
કીફાયત દામ લઈ છાપી આપવામાં
આવશે. ઠે. બરાનપોરી ભાગળ સુરત.

ધોળે દીએ લક્ષ્મી [illegible]રે. હાય હાયરે.
સુંદર [illegible] મોડી [illegible] ગુજરાત આ [illegible],
બીડી ફુંકવા હાથે રહી [illegible]રે હાય હાયરે.
વિદેશી માલે ડંક દીધો, ભીખ માગતા આ દેશ કીધો,
ભુખે [illegible] મસાણના સીધોરે હાય હાયરે.
આવ્યાં વસ્ત્ર ઝીણાં જેમ, જાણી, પવન આવા મુકે જેમ
બારી, [illegible] જોવાં એમ લાજ ભાળીરે. હાય હાયરે.
તમે માંઠે સાડીઓ પહેરી રંગલાલ ગુલાબી ઘેરા,
વધ્યાં જારી હતા જે લ્હેરીરે. હાય હાયરે.
જેને દેખી રાજાઓ ધ્રુજે [illegible]તીમાંની મોંગાઓ પુજે
એ દશા માઠી બહુ ખુંચેરે હાય હાયરે.
સિદ્ધરાજ, [illegible]સીંગ વીર [illegible]વા, દુર [illegible], રાણકદી કેવા
હવે રહ્યા બંગડીના હેવારે. હાયહાયરે.
પર પૂરૂષને કર શુભ દેવો, એ બંગડીનો લ્હાવ લેવો
એથી બળ્યો જન્મ આ એવોરે. હાય હાયરે.
બહેનો, માટે ચકલે ચાલી, શીલ જતાં દશા આ ખાલી
વિદેશી બંગડીઓ ઝાલી રે. હાય હાયરે.
વાડીલાલ તણી શીખ માની, બની જાઓ બહેનો શાણી
ફેન્સી ફેશનથી છે હાણી રે. હાય હાયરે

સુરતના સેલાણી.

કંઈ દાઝે ભારતની આણીરે સુરતના સેલાણી
તજો મોજશોખ મનમાનીરે સુરતના સેલાણી,—ટેક.
સુરત નામ સોહાગી પણ કંઇ બદ સુરતનાં કામ
સુરત સલુણી પ્યારી રૂડી, પણ નાક નગુણુ નકામ—
સેલાણી
વિદ્યા વિદીત ઘણા જન ગુણીવલ, પણ ભાષા ભૂત સમાન
માદીકરી સુણતાં સહુ બોલે, જે સુણી શકે નહિ કાન—
સેલાણી
વિનય વિનાની ભાષા બોલે, મદીરા તાડી મસ્તાન,
ભોગ ભોગવવા ખાનપાનમાં રોગતણા નિધાન—
સેલાણી
વિર્યં હીણ વસે વધું પુરુષો કામીની કામે તમામ
સ્વાર્થં વિષયની ચાલે સાધના નિર્લંજ નફ્ટ નકામ—
સેલાણી
ખર્ચંમાં કરે ખરાબી ઠાઠ મહી વીણ દામ
ભપકે ભારે બજારે ગ્હ લે અંદર પોલ તમામ—
સેલાણી
સદગુણીને ગુણહીણ બનતા બને કામીની નીષ્કામ
કલંક લાગે વગર વાંકનું, કેમ સહી શકે ઘનશામ—
સેલાણી

અલએલી બની ચાલી નીકળી મોટા મંદીરનું નામ
દર્શન મન પ્રિયજનનાં કરવા ધરે ભક્તિ બદનામ—
સેલાણી

ફેશનમાં પુર ફસી હશીને ચાલે ચોક બજાર
છળે છટકેલો છેલ ફેલથી ફના કરે ઘરબાર—
સેલાણી

વૃથા વાણીમાં હિંમત રાખે બળમાં બેરી સમાન
કચ્છ વાળી ફરે કંઇક કામીની યોધ્ધા સમ અભિમાન—
સેલાણી

ટળે તાપ સહુ તાડી પીતાં દરરોજ તાડી મેમાન
સારા દિવસની સહુ કમાણી પીઠે જમા નુકશાન—
સેલાણી

કારીગરી કરે બહુ કારીગર જરી રેશમની જાણ
રોજ કમાયે પીઠે જાએ આખર તાણમતાણ—સેલાણી
હજાર રૂપીએ ઘોડાગાડી દશ હજાર જો દામ
મોટર વસાવે મુખ મલકાવી એક પચીસની હામ—
સેલાણી

વિષયં ભયંકર વિષધર મ્હાલે ગુણીકા કરતી ગાન
દામ દઇને ડાહ્યો દીવાનો ગાન મહી ગુલતાન—સેલાણી

ધીરો ધીરો ચાલજેરે ! મીઠા મીઠો ગાજેરે !
રૂડો મારો રેંટીઓ હોજી ! ધીરો૦
એ રેંટીઆમાં દેશોદયના નીકળે તાર
એ તારે તારે ભાળું ભારતનો ઉદ્ધાર રે ! ધીરો૦
(સાખી) ત્રાક રૂડી પાંખા રૂડા ઉજવલ તેનાં નામ.
ઉજ્જવલ પૂણી ઓપતી ઉજ્જવલ મારા હાથ.
દુઃખો સહુ હરતોરે ! અભયપણે ફરતોરે !
રૂડો મારો રેંટીઓ હોજી ! ધીરે૦

ઝુકાવી શીરને સાટે લડયા એ એ તાજને માટે
છતાં ના દાદ કંઇ દેતે—કહો ત્યાં દોશ કોનો છે—
લડયા વીદેશીઓ સાથે બ્રીટનના વાવટા કાજે
છતાં લાયક નથી ભાખે—કહો ત્યાં દોશ કોનો છે—
થઇને રાંક કરગરતાં અમે માગ્યું અમારૂં તો,
છતાં દઇશું કહી દમતા કહો ત્યાં દોશ કોનો છે—
ખિલાફત ધર્મ ખાતર જે મુસલમીનને હૃદય ભીતર,
લગાવ્યું હાયરે ખંજર—કહો ત્યાં દોશ કોનો છે—
લખીત એ લેખ રાણીના ન બંધન હોય ધર્મમાં,
છતાં છે છેક અવગણના—કહો ત્યાં દોષ કોનો છે—

અમે ચેતી અમારૂં શું હવે શોધી અમે લઈશું,
છતાં તમને ગમે તે ના-કહો ત્યાં દોશ કોનો છે—
અમે હસ્તે વણી ખાદી પહેરી સ્વેતને સાદી
તુટે વેપાર વિદેશી કહો ત્યાં દોશ કોનો છે—
કરે શિક્ષણ નમાલા લાજે અમે તેને ત્યજી દઈએ,
છતાં તમને રૂચે ના તે કહો ત્યાં દોશ કોનો છે—
વિદેશી માલને છોડો વિદેશી બંધનો તોડો.
પહેલેથી જણાયું તો-કહો ત્યાં દોશ કોનો છે—
છતાં રે શૌકતઅલ્લી સહુ બીજા નેતા કર્યા બંધન.
કરવા સ્વરાજ્યનુ ખંડન-કહો ત્યાં દોશ કોનો છે—
દબાવી દાખલા દેવા અમોને ભીરૂ ગણી લેવા,
ચલાવો આ અદાલત પણ-કહો ત્યાં દોશ કોનો છે—
હવે અપમાનથી મરવું ગુલામીથી જવું જેલે,
અમે પ્યારૂં ગણ્યું છે તો-કહો ત્યાં દોશ કોનો છે—
અરે પંજાબના ન્યાયે કતલ કંઈ જાનની કીધી
છતાં હીંદ રહે સાંખી-કહો ત્યાં દોશ કોનો છે—
અમે ખાદી પહેરી તો તમે તે ફાડી તોડો છો
દબાવો દેશનો હુન્નર-કહો ત્યા દોશ કોનો છે—
તમારા સ્વાર્થની ખાતર કરો આ હીંદને ઘાયલ
ભલે હીંદી ભૂખે મરતા--કહો ત્યાં દોશ કોનો છે—

જેલના યોગીની સ્વરાજ્ય સમાધી.

(તેમને માયા લગાડી એ રાગ.)

સ્વરાજ્ય સમાધી લગાવીરે હો મોહન ગાંધી સ્વરા
જય સમાધી લગાવી—ટેક.

ભારતી પ્રજાને જગાવીરે હો.-મોહન

દેશ દશા દૂર્બળ પરી હરવા, સ્વરાજય ધૂન મચાવીરે
શોકત મહમદ સાથી બનાવ્યા, હીન્દુ ઇસલામને
સમજાવીરે
સુતરને તારે સ્વરાજ આપવા, ખાદીનું સૈન્ય જમાવીરે
દેશની લક્ષ્મી દેશે સંઘરવા, વિદેશી વસ્ત્રને બાળીરે
તોપ ગોળાના ભયને ટાળવા, રેટીંયો ચક્ર ચઢાવીરે
સતા બળનું ગુમાન હરવા, અસહકારક યુદ્ધ મચાવીરે
સ્વતંત્ર હીન્દને સેજે બનાવવા, જેલે સમાધી લગાવીરે
જેલના યોગી જેલે જઇને, જેલે સ્વરાજ્ય દિપાવીરે
જેલનું સૈન ઝાઝુ જમાવી ભય દીધો સઉ ટાલીરે
પંજાબ કતલનો ન્યાય મેળવા, સત્યની લડત ચલાવીરે
ખીલાફતની આફત જોઇ, હીન્દ દીધું ગજાવીરે
અસહકારી થઇ ખાદી પહેરો તો, દેશની થશે આબાદીરે
કૃષ્ણ ગાંધીને પંથે પળો સઉ સ્વરાજ સમાધી લગાવીરે.

—•—

વેપારી લાઇનવાળાને સુચના.

અમારી બહાર પડતી વારંવાર દરેક ચોપડીઓમાં જાહેર ખબર આપનારને માટે નીચેના ભાવો આપેલા છે.

૧ પેજના રૂા. ૫   ૦॥ પેજના રૂા. ૩

૦। પેજના રૂા. ૨ રાખવામાં આવેલા છે.

વધુ ખુલાસા માટે નીચેના શરનામે મળવું અગર લખવું.

શ્રી "અંબિકા વિજય" પ્રેસ બરાનપુરી ભાગોળ સુરત

રાયચંદભાઈ હીરાચંદ શાહ મુહેમદાવાદી તાસવાળા બીલ્ડીંગ સ્ટેશન રોડ સુરત.

વાપરો ! વાંચો. વાપરો !

શ્રી કૃષ્ણ વિજય સોપ ફેકટરીના સ્વદેશી બીન ચરબીના પવિત્ર સાબુ વાપરો.

માયા મોહિની વાપરી ખાત્રી કરો ફરી નહિ ભુલો એજ વાપરશો.

ઠે૦ પહેલો ભોઇવાડો મુંબાઈ નં. ૨

સુરત સ્ટેશન રોડ પર બ્રાન્ચ નં. ૨

માલિક એચ જી. શાહની કું.